# કલમ કડછી બરછી

બરછી કાર્યાલય C/o.ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ, કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ,
રાજકોટ-૧. Email : barchhi@rediffmail.com · Web : www.barchhi.com

એપ્રિલ–૨૦૨૩
વર્ષઃ ૫૯
વર્ષ : જાન્યુઆરી થી ડીસેમ્બર
વાર્ષિક લવાજમ : રૂા.૨૦૦

સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

:: તંત્રી ::
વિરેન શાં. ધોળકીયા
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫





જય હાટકેશ

### ૨૩ માર્ચ વિશ્વ પુસ્તક દિન નિમિત્તે...

## પુસ્તકના મૂલ્ય વિશે...

(રાજકોટના સ્વ.મુ. ભરતભાઇ મહેતાએ એક સમયે બાળકો,યુવાનોમાં પુસ્તક પ્રેમ જગાવવા ને અન્યના જીવનમાં અજવાળું પાથરવાના ઉદ્દેશથી વિધવિધ વિષયના અનેક પુસ્તકો સ્વખર્ચે ખરીદી તેની વહેચણી કરવાનું પરમાર્થી કાર્ય ઘણા વર્ષ કર્યુ હતું.તેમ સૌના કલ્યાણનો જ વિચાર કરતાં બરછીમાં પણ જ્ઞાતિને ઉપયોગી માહિતી,સાહિત્ય પણ લખી મોકલતા. જ્ઞાતિના આવા શુભચિંતક વડીલ ભરતભાઈએ પુસ્તકના મૂલ્ય વિશે અગાઉ લખી મોકલેલા સંકલિત વિચાર સૂત્રો મળી આવતાં તેઓને ભાવ સ્મરણ સાથે પ્રકાશિત કરી રહયા છીએ.–વિ.શાં.ધોળકિયા)

✷ વિચાર જાગૃતિ વિના માનવી જીવનમાં કદી પ્રગતિ કરી શકતો નથી–ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન

✷ ધનલાભ,શકિતબળ,આયુષ્યબળ એ સૌ કરતાં ગ્રંથબળ મહાન છે.પુસ્તક પ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે.–તત્વચિંતક થોરો



✷ પુસ્તકાલય જ્ઞાનની પરબ છે.–મોતીભાઈ અમીન

✷ વિચારોના યુધ્ધમાં પુસ્તકો જ શસ્ત્ર છે.–બર્નાડ શો

✷ વિચાર શુન્યતા એ આપણા યુગની સૌથી મોટી સાર્વજનિક આપત્તી છે.–જ્હોન રસ્કિન

✷ મનુષ્યની ઉત્ક્રાંતિથી સુક્રાંતિ સુધીનો આપણો પૂર્ણ ઇતિહાસ માત્ર પુસ્તકોમાં જ રહયો છે, માટે પુસ્તક જીવ્યું છે,જીવે છે અને જીવશે.–ચંદ્રકાન્ત બક્ષી

✷ મારે મન સાહિત્ય એ વ્યકિતના કુટુંબના સાચા સંસ્કારનું માપદંડ છે.–નોબલ પ્રાઇઝ વિજેતા બર્ટ્રાન્ડ રસેલ

✷ કોમ્પ્યૂટર કે અન્ય કોઈપણ ઉપકરણ પુસ્તક માટે પડકાર નથી,તેનો કોઈ વિકલ્પ નથી.–સલમાન રશ્દી.

✷ જે ઘરમાં પાંચ પુસ્તક ન હોય તે ઘરમાં દીકરી ન દેવાય.–ગુણવંત શાહ

✷ પુસ્તકો એ તો ખિસ્સામાં ફરી શકે તેવો બાગ છે.–ચીની કહેવત

✷ દરેક પુસ્તક એક ચમત્કાર છે અને દરેક લેખક અદ્દભૂત જાદુગર છે.–મહાન લેખક મેકકમ ગોકો

✷ પુસ્તકો રાહ ચિંધનારા દિશા દેખાડનારા અને પ્રતિભા સર્જનારા પરિબળો છે.–નિરદ ચૌધરી.

✷ જે સુખ તમોને અનંત સમૃદ્ધિમાંથી નહી મળી શકે તે સુખ તમને ઉત્તમ પુસ્તકમાંથી મળશે.–સ્વામિ વિવેકાનંદ

✷ સારા પુસ્તકો જેવો કોઇ કાયમી મિત્ર નથી.–લોગ ફેલો.


✷ પુસ્તકો આપણા ભવિષ્યના જીવનનો માઈલસ્ટોન છે.સંસ્કારી માતા રમકડા સાથે પુસ્તકો પણ આપે છે.

✷ પુસ્તકો સમાજમાં અનેક ક્રાંતિ સર્જે છે..વિદ્યારૂપી ધનના અખૂટ ભંડાર સમાન પુસ્તકો વિચાર અને સમજણની નવી ક્ષિતિજોના દ્વાર ખોલે છે.

✷ પુસ્તકો અને પ્રાર્થના માણસને ત્રિલોકનો સ્વામી બનાવે છે.

✷ પુસ્તક મૃત્યુલોકનું કલ્પવૃક્ષ અને સમાજની કામધેનુ ગણાય છે.

✷ પુસ્તક કશું બોલ્યા વિના કહી સંભળાવાની કલા ધરાવે છે.



## શ્રી નાગર યુવક મંડળ–રાજકોટના ઉપક્રમે યોજાયો સાંગીતિક કાર્યક્રમ

તા.૪/૪/૨૩ની રાત્રિના ૯થી ૧૨ રાજકોટના નાગર મંડળના નેજા અને ગુજરાત રાજ્ય સંગીત અકાદમીના સહયોગથી હેમુ ગઢવી રંગમંચ ખાતે સૂર,શબ્દ અને તાલની ત્રિવેણી સમો સાંગીતિક કાર્યક્રમ યોજાય ગયો.શ્રી કેયુર અંજારીયા તથા તુષાર પોટાની કલા દ્રષ્ટિ સાથે વિશાળ મંચની વચ્ચે પાછળના ભાગમાં કલાના આરાધ્ય દેવ શિવના નટરાજ સ્વરૂપના સુંદર ચિત્ર સાથેની સુરમ્ય અને કલાત્મક મંચસજ્જા માં શ્રીમતી અનુપા પોટા–વોરા અને સાથીદારો પ્રસ્તુત આ કાર્યક્રમને આશરે ૯૦૦ જેટલા શ્રોતાઓએ માણ્યો હતો.

રાત્રે ૯ વાગ્યે શરૂ થયેલ કાર્યક્રમના પ્રારંભે, શરૂઆતના દોરનું સંચાલન સંભાળતાં જીજ્ઞાસુ માંકડે સૌનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ દીપ પ્રાગટ્ય માટે અગ્રણીઓને આમંત્રિત કર્યા હતા અને કાર્યક્રમનું અતિથિ વિશેષ પદ શોભાવતા ફૂલછાબ દૈનિકના તંત્રી શ્રી જ્વલંત છાયા તથા તેમની સાથે બરછીના તંત્રી શ્રી વિરેન ધોળકિયા, જ્ઞાતિ અગ્રણી ડો.હેમાંગભાઇ વસાવડા,શ્રી જે.ટી.બક્ષી, મનહરભાઈ વૈશ્નવ, શ્રી નાગર યુવક મંડળના પૂર્વ પદાધિકારી સર્વશ્રી રાજીવભાઈ વછરાજાની, રોહિતભાઈ–મુકેશભાઈ માંકડ, અતુલભાઈ વૈશ્નવના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.આ તકે ફૂલછાબનું સુકાન સંભાળી જ્ઞાતિને ગૌરવ બક્ષવા બદલ શ્રી જ્વલંત છાયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સુયોગ્ય સન્માનને સૌએ સાદર ગર્વભેર તાળીઓથી વધાવ્યું હતું. જ્વલંત છાયાએ પ્રાસંગિક સંબોધન કરતાં આયોજકોને ધન્યવાદ પાઠવી, તેમની છટાદાર અસ્ખલિત વાણી પ્રવાહમાં બેન અનુપા–ગાર્ગી વોરાના પિતાશ્રી દિવાકરભાઈ, દાદા ભાસ્કરભાઈ વોરા, ઢેબરભાઈ, પી.સી.વૈદ્ય જેવા અનેક મહારથીઓના નામોલ્લેખ સાથે સમાજ માટે જ્ઞાતિરત્નોએ આપેલાં વિશિષ્ટ યોગદાનથી સૌને વાકેફ કરાવ્યા હતા પરંતુ સાથે સાથે નવી પેઢીને હવે પ્રોફેશનલ બની, સાહસિક બનવા અને નવી નવી દીશા કંડારવા ઉપર ભાર મૂક્યો હતો.

કાર્યક્રમ સંચાલનનો બીજો દૌર કુ.અંતરા કેતન પોટાએ સંભાળ્યો હતો. તેમણે ગાયક કલાકારો અને વાદ્યવૃંદના કલાકારોનો પરિચય કરાવ્યા બાદ શ્રીમતી અનુપા કેતન પોટા તથા ધ્યેય વછરાજાનીના મધુર કંઠે હાટકેશ્વરાષ્ટક સ્તુતિ ગાન સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.ત્યાર બાદ કાર્યક્રમને આપવામાં આવેલ નામ 'ગૂંજતા ગીતોનો ગુલદસ્તો' પ્રમાણે અનુપાબેન તેમની પુત્રી અંતરા, ધ્યેય વછરાજાનીએ વિવિધ વાજીંત્રોના નિપુણ સાજિંદાઓના સાથમાં લતાજી,આશાજી, હેમંતકુમાર, મોહમદ રફી, અરિજીત સિંઘ, જીગરદાન ગઢવી, પુરૂષોત્તમ ઉપાધ્યાય વગેરે અનેક ગાયકોના કંઠે ગવાયેલ જૂના નવાં ફિલ્મી,ગૈર ફિલ્મી ગીતો, ગુજરાતી સુગમ તેમ એકંદરે સૌને પસંદ પડે તેવાં વિવિધ મિજાજના ગીતોની રંગત જમાવી શ્રોતાઓની દાદ મેળવી હતી. ચિ.પ્રાંજલી હાર્દિક વોરા (તે સંગીતજ્ઞ દિવાકરભાઇ વોરાની પૌત્રી અને

અમારા– બરછીના સ્નેહી/ શુભેચ્છક ગોંડલના સેવાભાવી પિયુષભાઈ વસાવડાની દોહિત્રી)એ પણ પરિવારનો સંગીત કલા વારસો જીવંત રાખતાં મધુર કંઠે 'દિલ હૈ છોટાસા' ગીત રજૂ કરીને સૌની પ્રસંશા પ્રાપ્ત કરી હતી.


કાર્યક્રમના મધ્ય ભાગમાં મંડળના કારોબારી સભ્ય શ્રી કેયુર મંકોડી તથા શ્રી હિરેન આચાર્યએ જ્ઞાતિજનો માટે 'હાટકેશ મેડીકલ કાર્ડ તથા અન્ય લાભદાયી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી. તો અંતમાં મંડળના પ્રમુખ શ્રી ઓજસ માંકડે આભાર દર્શન કર્યુ હતું.સંસ્થાના આભાર સાથે સૌની જહેમતને વધાવવી ઘટે જ.

(અવલોકન સૂચન માત્ર : (૧) યોજનાઓની માહિતી જરૂરી હતી પણ લંબાણ વધુ થયું તેવો મત જાણવા મળ્યો (૨) કાર્યક્રમનું જીવંત પ્રસારણ (લાઇવ ટેલિકાસ્ટ) દેશ વિદેશમાં દૂર બેઠા કે હવે તો વિસ્તારો વધતાં ઘર બેઠા કાર્યક્રમો સહુ કોઈ નિહાળી શકે,સંસ્થાની પ્રવૃત્તિઓના તથા કલાકારોને પ્રચાર માટે સારી સુવિધા છે, પરંતુ તેને કારણે સ્થાનિકોને પણ આદત બનતી જતાં પ્રત્યક્ષ હાજર રહેતા પ્રેક્ષકો/ શ્રોતાઓની સંખ્યા ઘટી રહી છે તેમ નથી લાગતું? પ્રત્યક્ષ કાર્યક્રમમાં કલાકારો અને શ્રોતાઓ પરસ્પર જોડાયેલા રહેતા હોવાથી શ્રોતાઓ દ્વારા મળતી તાલીઓ, દાદ, વન્સમોર, સ્ટેન્ડીંગ ઓવેશન કલાકારોને પ્રોત્સાહક અને ઉત્સાહવર્ધક બની રહેતા હોય છે તો શ્રોતાઓ માટે પણ પરિચિતો,સમાન શોખ ધરાવતા મિત્રો સાથે 'લાઇવ' કાર્યક્રમ માણવાની સાથે થીરકવાની મજા જ અનેરી હોય છેને? અમારા મતે આયોજનકર્તાઓને પણ અસંખ્ય 'લાઈક્સ' કરતાં પ્રત્યક્ષ ધન્યવાદનું મૂલ્ય ઉત્સાહપ્રેરક વધારે હશે.હા,કદાચ ફાયદો થતો હશે પણ સામાજીક– ભાવનાત્મક, માનસિક લાભ ઓછા થતા જશે તેમ અમારૂં માનવું છે/મત છે.તમારૂં મંતવ્ય જણાવી શકો છો.–તંત્રી)

## શ્રી પદ્મિન બૂચ દક્ષિણ કોરીયાના પ્રવાસે જઈ આવ્યા



અમદાવાદ સ્થિત શ્રી પદ્મિન બૂચ ભારત સરકાર માન્ય સીઆઈઆઈ સંસ્થાના આમંત્રણથી ઓલ ઈન્ડીયા લેવલના ડેલીગેશનના સભ્ય તરીકે દક્ષિણ કોરીયાના પ્રવાસ/મુલાકાતે જઈ આવ્યા.તેઓએ દક્ષિણ કોરીયા સરકારના મહત્વના મંત્રાલયો, ઉચ્ચ કક્ષાની ટેકનોલોજી સંસ્થાઓ, ભારત સરકાર એમ્બેસી વગેરેની મુલાકાત લઈ ત્યાંના ટેકનોક્રેટસ તથા રાજનીતિજ્ઞો સાથે ચર્ચા વિચારણા કરી હતી. જેના આધારે વ્યાપાર અને ટેકનોલોજી આધારીત ઉદ્યોગોનું આદાન પ્રદાન થશે, ઉત્તેજન અને સહાય મળશે. જ્ઞાતિને ગૌરવ બક્ષનાર પદ્મિનભાઈને અભિવંદન.




# પાટોત્સવ પર્વે ગૂંજ્યો જય હાટકેશ..જય હાટકેશનો નાદ

ગાંધનગર : તા.૯/૪ને રવિવારના રોજ આ વર્ષનું પાટોત્સવ પર્વ આવી જ રીતે ગાંધીનગરના સેકટર–૮ના રંગમંચના વિશાળ લોન ખાતે ૫૦૦ જેટલા આબાલ વૃદ્ધ નાગર બંધુઓની ઉપસ્થિતિમાં ઉજવાય ગયું. સંસ્થાની અપીલને માન આપી, જ્ઞાતિની આગવી ઓળખસમા પોષાક ભાઈઓ ઝભ્ભા–અબોટિયાં/




સલવારમાં, નાગર કન્યાઓ ચણિયાચોળી અને બહેનો સાડી–સેલામાં સજ્જ થઈને આ ઉત્સવમાં સામેલ થયા હતા.ઉલ્લાસમય માહોલમાં સંસ્થા પ્રહર અંજારીયા દંપતીના મુખ્ય યજમાન પદે બપોરે ૩:૩૦ વાગ્ય લઘુરુદ્રનો પ્રારંભ થયો હતો અન્ય યજમાનો કારોબારી સભ્યોના હસ્તે સાંજે ૬ વાગ્યે બીડું હોમાયું હતું.સૌએ સાથે મળીને આરતી કર્યા બાદ આધુનિક પંગત એટલે કે દરેકને ખુરશી ટેબલની વ્યવસ્થામાં રસપુરી સાથેના ભોજનનો આસ્વાદ માણ્યો હતો.બાળકો, યુવાનો– યુવતીઓએ સૌને આગ્રહ સાથે પીરસીને ભોજન કરાવતાં વડીલોને જૂની યાદ તાજી થઈ હતી તો યુવા વર્ગ અગાઉની આગ્રહ ને પંગત પ્રથાની પરંપરાથી અવગત થયો હતો. કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગરના મેયર, કોર્પોરેટર તથા બે ધારાસભ્યોએ (આજના સમયમાં દરેક જ્ઞાતિમાં હાજરીની દાખલ થયેલ આ પ્રથા મુજબ!) ખાસ હાજરી આપી હતી.




થોડા વર્ષથી શ્રી પ્રહર અંજારીયા ના સક્ષમ નેતૃત્વ અને નૂતન અભિગમ સાથે ટીમ વર્ક દ્વારા વડનગરા નાગર મંડળ પરંપરા અને પરિવર્તનના સમન્વય સાથે નૂતન પ્રયોગો કરી રહયું છે.આ વખતે બાળકો– કિશોરો માટે આનંદમેળો આકર્ષણ કેન્દ્રમાં હતો.જેમાં બલૂન શુટીગ, જમ્પીગ ડોમ,રીગ થ્રો જેવી રમતો તથા અન્ય સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા હતા.

ભાવનગર : શ્રી ગોઘા હાટકેશ્વર મહાદેવ ફંડના ઉપક્રમે તા.૫/૪/૨૩ના હાટકેશ દાદાનો પ્રાકટયોત્સવ ધામધૂમથી ઉજવાય ગયો.આ નિમિત્તે જ્ઞાતિની વંડી હરિનાગર પાછળના મંદિરમાં ઉત્કર્ષભાઈ તથા અભિજીત મહેતાના યજમાન પદે તથા શ્રી વસંતભાઈ જોશીના આચાર્ય પદે લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું.ત્યારબાદ દર વર્ષ મુજબ શિવશકિત હોલ ખાતે સંસ્થા દ્વારા સ્વ. ધ્રુમનબાળાબેન કૃષ્ણકાંત મહેતા

તથા સ્વ.રન્નાબેન બંકીમભાઈ મહેતાના સ્મરણાર્થે શ્રીમતી ડિમ્પલબેન સાગરીતભાઈ મહેતાના સૌજન્યથી સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી ધાર્મિક પર્વની ઉજવણી કરી. આયોજનને સફળ બનાવવામાં સંસ્થા પ્રમુખ શ્રી દધીચિભાઈ મહેતા મંત્રી શ્રી ધર્મેન્દ્રભાઈ મહેતા તથા ટ્રસ્ટી મંડળે જહેમત લીધી હતી.




રાજકોટ : ખાતે ઈષ્ટદેવ હાટકેશ દાદાના પાટોત્સવની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. તા.૫/૩ના રોજ બેડીનાકા સ્થિત હાટકેશ્વર ખાતે સવારે લઘુરૂદ્ર કરવામાં આવ્યો હતો.અને સાંજે શોભાયાત્રા તેમજ સમૂહ ભોજન યોજાયેલ. સાંજે ૫ઃ૩૦ કલાકે દર વર્ષ મુજબ શ્રી હાટકેશ્વર સંસ્થાના ટ્રસ્ટીઓ,જ્ઞાતિજનોની હાજરીમાં પૂજન અર્ચન બાદ દાદાની શોભાયાત્રાએ પંચનાથ મંદિરથી પ્રસ્થાન કર્યું હતું.ઝભ્ભા અબોટિયા માં સજજ ભાઈઓ અને સાડી–સેલામાં સજજ બહેનો દ્વારા દાદાના જયઘોષ તથા બેન્ડવાજાની ધૂનો સાથે જ્યુબિલી,પરા બજાર,સોની બજાર થઈ હાટકેશ્વર મહાદેવ પહોંચેલ.રસ્તામાં ઠેર ઠેર દાદાનું પૂજન થયું હતું.છીકણીવાળા તરફથી દર વર્ષ મુજબ વરિયાળીના શરબતથી સૌને તૃષા તૃપ્ત કરવામાં આવ્યા હતા.દર્શન આરતી બાદ સૌ છૂટા પડયા હતાં.




તા.૫/૪/૨૩ના રાત્રે ૮ વાગ્યે શ્રી અ.વ.નાગર બોર્ડીંગ ખાતે સમૂહ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. અગાઉ અબોટિયા– જભ્ભાનો અને સાડીનો ડ્રેસકોડ નકકી રહેતો આજે વધુ સંખ્યામાં ભાઈઓ પેન્ટ અને શર્ટ/ટીશર્ટ અને બહેનો પંજાબી ડ્રેસમાં અને યુવા બહેનો તો વિવિધ ડીઝાઈનર ડ્રેસમાં જોવા મળે. ભોજન કરતાં મિલનમાં વધુ રસ હોય તેવા અને ઘણાને પહેલી પંગતમાં ભોજન લેવામાં રસ હોય તેવા સૌની ૮ઃ૩૦ વાગે તો સારી સંખ્યામાં હાજરી જોઈ શકાતી હતી.આમ,બંધુઓ આવતા જાય તેમ જૂના મિત્રો, ડોકટરો, એમ.આર.,વ્યવસાયીઓ, બેંકરો કુટુંબીઓ– સ્નેહીઓ તેમ પોતપોતાના જૂથ બનાવીને ગોઠવાતા જતા હતા.ઘણા સમયથી જ યુવા વર્ગની હાજરી પાંખી રહેતી જણાય અને હોય તો લગ્ન માટે યોગ્ય પાત્રની શોધ થતી હોય ત્યાં સુધી હોય! સમયના વહેણની સાથે બદલાતી પેઢીમાં અમારી અને અમારાથી મોટી વયના વડીલો માટે અપરિચીતોની સંખ્યા વધતી જણાય !

વિશાળ પટાંગણમાં ઉલ્લાસભર્યા માહોલમાં આશરે ૧૨૦૦ જેવી સંખ્યામાં સામેલ જ્ઞાતિજનોએ શીખંડ, પુરી,કોથમીર કી કલી,વટાણા બટેટાંના શાક સાથેના ભોજનનો આસ્વાદ લીધો હતો.દર વર્ષ મુજબ

વડીલો માટે ટેબલ ખુરશીની બેઠક સાથે પીરસીને ભોજન વ્યવસ્થા પણ રાખવામાં આવી હતી. નોંધપાત્ર બાબતમાં (૧) સમૂહ ભોજન માટે શ્રી જયંતભાઇ માંકડ– ધીરેનભાઇ માંકડ તથા ડો. અશોક ભાઇ દેસાઈ તરફથી મોટી રકમનું અનુદાન મળ્યું હતું.અને તેથી ભોજનના વ્યક્તિ દીઠ રૂા.૧૦૦/–રૂા. રાખવામાં આવેલ. (૨) આ વર્ષના પાટોત્સવમાં સાઉન્ડ સીસ્ટમ માટે પ્રશાંત માંકડનું સૌજન્ય સાંપડયું હતું.


અંતમાં સુવ્યવસ્થિત આયોજનમાં જહેમત ઉઠાવનાર વડીલો–પ્રૌઢોની ટીમ, સિનિયર સીટીઝન્સ પ્રત્યે આદર ભાવ સાથે પીરસવામાં, પાસ કાઉન્ટર, ડીશ કાઉન્ટર ભોજન કાઉન્ટર ઉપર દેખરેખ રાખનાર દરેક નિઃસ્વાર્થ સેવા આપનાર સ્વયંસેવક ભાઇઓ–બહેનો અભિનંદન પાઠવીએ.કેટરર્સ નકકી કરવામાં હવે પછી અનુભવ અને ટેસ્ટને વધુ ધ્યાનમાં લેવાની જરૂર હોય તેમ જણાયું.જાણીએ છીએ અને સ્વાનુભવ પણ છે કે કેટરર્સ નકકી કરવાનું કામ ઘણું કપરૂં છે.




(નોંધ : મારી હાજરી હોય ત્યાં તટસ્થ અહેવાલ પોતે જ તૈયાર કરીને લખાતો હોઇ, કોઇક કાર્યકરનું નામ રહી જાય તો મન દુઃખ થાય, જે નિવારવા માટે કોઈનો પણ નામોલ્લેખ કર્યો/કરતો નથી.વળી હવે તો દરેક સંસ્થાઓના હોદેદારોમાં ફેરફાર ન થતો હોવાથી સૌના નામ અને કામથી જ્ઞાતિ વાકેફ છે જ. બીજું, ટીકા તરીકે નહી પરંતુ અમારા અવલોકન અને થોડા મત જાણ્યા મુજબ તટસ્થ મંતવ્ય પણ હશે.! –તંત્રી)

તમે તો ખોટું બોલો છો
પણ આંખો સાચું કહી દેશે..
શબ્દો ગોઠવીને કહો છો–
હૃદય કેરી ભાષા સત્ય કહી દેશે..
આ તે કેવી રમત રમો છો!
રમત જ તમને છેતરી રહી છે..
આ રમતનો અંત સમજો છો?
એ ખૂદને જ કોતરી રહી છે..
કહો,ક્યારે આવું તે છોડો છો
સત્‌ની ઉષા તમને નોતરી રહી છે.

–જસમીન દેસાઇ–દર્પણ, રાજકોટ.
મો.૯૪૨૮૩૪૯૮૧૨.




છૂટા પડશું તો વિચારીશ,તમે શું કરશો
હું તો યાદને નકારીશ,તમે શું કરશો
વાંક બંનેનો છે,એ વાત ખરેખર છે તો
હું મારી ભૂલ સુધારીશ,તમે શું કરશો
મનમાં ઈચ્છા થશે મળવાની છતાં નૈં આવું
હું તો ઈચ્છાઓને મારીશ,તમે શું કરશો
ચેનથી ઊંઘવા ન દેશે પરસ્પર યાદો
રાત આંખોમાં ગુજારીશ,તમે શું કરશો
હું તો ખુદને ન મળું એટલે ભીતો પરથી
આયના નીચે ઊતારીશ,તમે શું કરશો
આંખ ખૂલશે તો 'ખલીલ'આંખને ચોળી ચોળી
રાતના સ્વપ્ના નિતારીશ,તમે શું કરશો
–ખલીલ ધનતેજવી

## સુવાકયો :

૧. કોઈનામાં વિશ્વાસ કરવા જતા પહેલાં પોતાનામાં વિશ્વાસ કરવો.

૨. બુદ્ધિ મજબુત અને હૃદય કોમળ હોવું જોઈએ.

૩. વાણી ઘણીવાર બંદૂકની ગોળી કરતાં પણ વધુ વેધક હોય છે.

૪. સફળતામાં શિખર ઉપર પહોંચવાનું જેટલું મહત્વનું છે તેટલું જ ત્યાં ટકવાનું મહત્વનું છે.

૫. ઘણીવાર વાણી,વટ,વહેમ અને વ્યર્થતા બહુ નુકશાન કરી દેતાં હોય છે.

૬. ઋણાનુબંધ તો ભવેભવનું બંધન છે.

૭. આપણો ચતુષ્કોણ–સંકલ્પ–શ્રદ્ધા–શક્તિ–સાથ.

૮. પણ ન લીધું હોય તો પણ અસત્ય ન આચરાય.

૯. નાણા કે કીર્તિ કમાવા અર્થે 'પરસેવો' પાડવો પડે.

૧૦. લીમડો ભલે જીભે કડવો છે પરંતુ ગુણોમાં મીઠો છે.આ આપણે શીખવા જેવું છે.




૧૧. સત્સંગનો મોટો પ્રભાવ હોય છે એકલી સોય ઘણા કાણા પાડે દોરા સાથે ઘણું સાંધે.

૧૨. સંઘર્ષથી પ્રાપ્ત થયાનું ઘણું મૂલ્ય હોય છે.

૧૩. સમગ્ર વિશ્વમાં સઘળું નિમિત્તે જ થાય છે.

૧૪. સુરજ જેટલો તાપ આપે તેટલા તેના ગુણો છે,જીવનમાં આ શીખવા જેવું છે.

–જસમીન દેસાઇ–દર્પણ, રાજકોટ.મો.૯૪૨૮૩૪૯૮૧૨.

---

## નાગર શબ્દને લઈને ... આપણી અટક સાથે જોડાયેલા વિસ્તાર

| | | |
|---|---|---|
| નાગર પ્લોટ – મોરબી | દેસાઈ શેરી – ભાવનગર | ચંદુલાલ બુચ માર્ગ –રાજકોટ |
| નાગર વાડા – જૂનાગઢ | વસાવડા ખડકી – જૂનાગઢ | ભદ્રાયુ ધોળકિયા માર્ગ– રાજકોટ |
| નાગર શેરી – ગોંડલ | બક્ષી ભુવન – જામનગર | નાણાવટી ચોક – રાજકોટ |
| નાગર ચકલા – જામનગર | હાથી શેરી – જામનગર | ઢેબર રોડ – રાજકોટ |
| નાગર પરા – જામનગર | છાયા બજાર – જૂનાગઢ | ઢેબર ચોક – રાજકોટ |
| નાગર વાડો – પાટણ (ઉ.ગુ.) | છાયા પ્લોટ – પોરબંદર | |
| નાગર પાડો – ખંભાળીયા | | |

–ભરત અંજારિયા,રાજકોટ.મો.૯૪૨૬૪૧૭૮૫૪

(માહિતી પસંદ પડે તો ભરતભાઈ (કે લેખ–કાવ્યો માટે અન્ય લેખકો/કવિઓ)ને તમારા પ્રતિભાવ જણાવશો. અમને ઉપરના વિસ્તારના નામ ક્યારે અને કોના ઉપરથી પડયાં છે તે અંગેની જાણકારી હોય તો લખી મોકલશો તથા આવી નાગર અને અટક સાથે સંકળાયેલ માહિતી હોય તો તે પણ લખી મોકલવા ઈજન છે.–તંત્રી)

# કેલેરીનું કૌભાંડ:

શ્રીમતીજીએ કહ્યું (૧) :”આ ટ્રાફિક વધી ગયો અને ફૂટપાથ પણ નથી તેથી હવે આપણું સાંજે ચાલવા જવાનું પણ ટળ્યું.આપણી નજીક જ જીમ ખુલ્યું છે તેમાં સવારે,વહેલા જઈએ તો?"

મેં કહ્યું (૨) :“સુદામા જેવું થવું હોય તે જીમમાં જાય! અને વહેલી સવારની તો,વાત જ ન કરતી.સવારે વહેલા આંખ ઉઘડે અને ‘હજી પાંચ મિનીટ સુઈ લઉં’ તેમ કરતાં પચાસ મિનીટ નીકળી જાય છે તેમ,રાતે 'બે મિનીટ' વોટ્સેપમાં જોઈ લઉં તેમ કરું છું તો બાસઠ મિનીટ નીકળી જાય છે,તેને લીધે મારી મનની બેટરી ચાર્જ થઇ જાય છે અને પછી માંડ ઊંઘ આવે છે!"

(૧) :“આપણે હવે મોટા થયા એટલે તબિયત તો જાળવવી પડેને? આપણે એમ કરીએ તો,કે વોટ્સેપમાં હેલ્થની ઘણી બધી ટીપ્સ આવે છે તે અનુસરીને હેલ્થ મેઇન્ટેઇન કરીએ."

(૨) :"એમ ટીપ્સના ટીપે ટીપે તંદુરસ્તી ન ટેકવાય!"

(૧) :“હું કહું તે તો તમારે માનવું જ નથી,કાંઈ નહીં;જવા દો.“

(૨) :”લગ્ન પછી તારું માની-માની ને જ,આટલી મેરેજ એનિવર્સરી ઉજવી ને?!

ચાલ,નારાજ ન થા,બોલ શું કરશું?"

(૧) :”મેં વાંચ્યું’તું કે કેલેરીનું ધ્યાન રાખીએ તો વાંધો ન આવે.એક દિવસમાં તમારે પુરુષ લોકોને ૨૫૦૦ અને અમારે સ્ત્રીઓને ૨૦૦૦ કેલેરીની જરૂર પડે,તેમ આપણો ખોરાક એડજેસ્ટ કરી શકાય."

(૨) :"ઓકે, મારી સેલેરીનું તો સદાય તેં જ “ધ્યાન” રાખ્યું હતું તેમ આ કેલેરીનુંય રાખી લેજે! વળી તારી જેમ ડીટેઇલમાં તો નહી, પણ ઉપ્પરછલ્લું વાંચ્યું’તું કે માત્ર કેલેરી “અર્ન” જ નહીં, “બર્ન” નું પણ ધ્યાન રાખવું પડે.! સહેલું નથી,વેપારીની જેમ ત્રાજવે તોળીને-તોળીને, માપી-માપીને બધું ખાવું-પીવું પડે.”

(૧) :”તમારી વાત સાચી. (જવલ્લેજ સાંભળવા મળતું આ વાક્ય સાંભળી મારું મન ઝૂમી ઉઠ્યું !). આપણે નિરાંતે બેસીને, એકવાર સવારથી રાતનું ખાવા-પીવા માટેનું ટાઈમ-ટેબલ બનાવી લઈએ.પછી કેલેરી ગણી-ગણીને ખોરાક લેવાનો,જેથી આપણે “બર્ન” ની ચિંતા જ ન રહે ને માત્ર “અર્ન” જ કર્યા કરવાનું.!"

(૨) :"તારા થોટ્સ ગજબના છે,નિરાંતે ખાવું-પીવું ને “બર્ન”ની તો,તેં કીધું તે મુજબ ચિંતા જ નહી! વાહ; જીમ પણ ટળે..ને...બાપુ,

તો-તો જામે હો,ખાણી-પીણીનું ટાઈમ-ટેબલ દીવાલે ને સ્માર્ટ ફોન હાથમાં !જામી પડવાનું સોશિઅલ મીડિયામાં!"

(૧) ; “હવે અત્યારે તમે ક્યાં ઓછું જુઓ છો? જયારે જોઉં ત્યારે,બગલો માછલી પકડવા એકાગ્ર હોય તેમ તમે મંડ્યા જ હો છો,માથું ઘાલીને ફોનમાં.ભૂલી ગ્યા? ડોકટરે તમને સ્પોન્ડેલાઈટીસ માટે,તે પણ એક કારણ કહ્યું’તું ?"

(૨) : “એ તો આઈનસ્ટાઇનની થીઅરી ઓફ રીલેટીવીટી જેવું છે! ( હું સાયન્સ ગ્રેજ્યુએટ એટલે થયું આ શબ્દ વાપરું જેથી પત્ની તે અંગેની અજ્ઞાનતાવશતાને કારણે  થોડી “રેંજ”માં રહે! ) તે થિયરી પ્રમાણે,તને,જ્યારે એમ લાગે કે હું “વોટ્સેપ્યું-વોટ્સેપ્યું” રમું છું ત્યારે મને પણ એમ લાગે કે તું “વોટ્સેપ્યું-વોટ્સેપ્યું ” રમે છે! જવા દે એ બધું, કામની વાત કરીએ."

પછી તો મૂડમાં આવી ગયેલ પત્નીએ, વોટ્સેપમાં પુરતું “સિલેબસ” ન મળતા ડાયેટીશ્યનના કોર્સની કેટલીક ચોપડીઓ પણ ખરીદી ને વસાવી. ઉપરાંત માપ-તોલના કેટલાંક સાધનો પણ.!

ટાઈમ-ટેબલ બની ગયું અને અમલમાં મુકાઈ ગયું.

સામાન્યત: મને સવારથી-“મોર્નિંગ બ્રેકફાસ્ટ, લંચ અને ડીનર” માટે નીચે મુજબની સૂચનાઓ મળતી રહેતી જેનો મારે  ચૂસ્તપણે અમલ કરવો પડતો.વચ્ચે એક દાણો પણ,ન લેવાની મુખ્ય શરત હતી.

એકજ ઉદાહરણ પૂરતું છે...પછી ખાવા પીવાની ‘ઘરેડ-પરેડ’ એજ પ્રમાણે ચાલી:

“ પોણું ટમેટું જ લેજો,તેમાં દોઢ ઇંચ ગાજરના નાના ટુકડાઓ તેમજ કોબીચના નાના દોઢ પાન કાતરી ને નાખજો, આમ તો ન ખવાય, પણ તમને શોખ એટલે મરચાના પાંચ મીલીમીટરના છ ટુકડા નાખજો ને આંખમાં કણું પડે તેટલું જ મીઠું..! ઇઠ્યોતેર ગ્રામ ઓટ્સ મેં ૨૮૦ મીલીલીટર દુધમાં પલાળી દીધા છે. બસ તે, અને તમે બનાવેલ કચુંબર ખાજો,પછી પાણી બિલકુલ ન પીતા.આટલું ખાશો તો પણ, સવારમાં જ તમારી ૨૩૯ કેલેરી ‘અર્ન’ થઇ  જશે.”


ભણવામાં દરેક ધોરણમાં, દર વર્ષે; માત્ર ચાર પાંચ દિવસ જ ભૂમિતિના પીરીયડ આવતા; ત્યારે જ ફૂટપટ્ટી વાપરતો, બાકી, બીજી ચોપડીની મદદથી લીટી દોરતો!હવે તો સાલું, તે જ ફૂટપટ્ટી સાથે રોજનો પનારો પડ્યો.!

'કેલેરી કોમ્બિનેશન બેઇઝડ ડાયેટ' રાખવાનો હોવાથી તદ્દઅનુસાર  શાક-પાન અને અન્ય ચીજવસ્તુઓ હવે તેણે જ ખરીદવાની હોવાથી, દરરોજ ખરીદી માટેની “ચિઠ્ઠીના ચાકર”ની જવાબદારીમાંથી પણ “વીઆરએસ” મળી ગયું..!

એક ભાઈને “વીઆરએસ” જચ્યું નહોતું, ઓફીસ કરતાં ઘરમાં વધારે માથાકૂટ હતી, તેથી મને કહેતા; “વીઆરએસ” એટલે તેવો નિર્ણય લેવા માટે હવે લાગે છે: “We are Ass..!”

આમ તો “ચટપટો લારીયો જીવ “ એટલે આવા “લોચાપોચા” ડાયેટના કંટાળાથી મનમાં થતું “કેલેરી ગઈ કોડિયામાં” અને કેલેરી...

લેખક : દીપક બુચ,અમદાવાદ




શ્રી મહેશચંદ્ર મહેન્દ્રરાય છાયાનું તા.૧૩/૪ના રોજ રાજકોટ ખાતે દેહાવસાન થયું.તેઓ આસિ.કમિશ્નર ફિશરીઝ તરીકે નિવૃત્ત થયા હતા..નિવૃત્તી બાદ તાલુકા પેન્શનર સમાજના પ્રમુખ તરીકે પોતાની સેવાઓ આપી. તેઓ પેન્શન પેપર,ગણતરી, પેન્શન અંગેના કાયદાના જાણકાર હોવાથી સમાજના અસંખ્ય નિવૃત્ત વડીલોને તથા તેમના પરિજનોને પેન્શનના પેચીદા પ્રશ્નોમાં માર્ગદર્શક બની રહયા હતા. સદાય સાયકલ ચલાવવા છતાં પેન્શનર વતી કચેરીઓમાં પોતે સાથે જાય.તેમના નિધનથી જ્ઞાતિ–સમાજને નિઃસ્વાર્થ સેવકની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.ભૂતકાળના તેઓ ગણનાપ્રાપ્ત ક્રિકેટર હતા, ક્રિકેટનો આ વારસો તેમના પૌત્ર જ્યોત છાયાએ સંભાળીને દીપાવ્યો પણ છે.હાટકેશ વ્યાયામ સંઘના સભ્ય એવા મહેશભાઇ તે સમયે દોડની દરેક સ્પર્ધામાં અવ્વલ સ્થાને જ રહેતા.આવા રમતવીર અને નિષ્કામ કર્મવીર મુ.મહેશભાઈના આત્માની શાંતિ પ્રાર્થીએ.ૐ શાંતિઃ

<u>રાજકોટ</u>: મેહુલ અશ્વિનભાઈ મંકોડી–૪૯ વર્ષ–સુધીરભાઈ પ્રહલાદરાય મારૂ, ભરતભાઈ પ્રહલાદરાય રીડાણી,હીનાબેન જયેશભાઇ અંતાણી, શરદભાઈ હર્ષવંતરાય ધોળકિયા.

<u>ભાવનગર</u> : નિરંજનભાઈ ઓઝા–૮૬ વર્ષ,પ્રાપ્તિબેન રસનિધિભાઈ વોરા–૮૩ વર્ષ,રશ્મિબેન મહેન્દ્રરાય મુનશી–

<u>ભુજ</u> : ગીરીશભાઈ જમિયતરાય ધોળકિયા,મહેશભાઈ વિનાયકરાય અંજારિયા–૬૮ વર્ષ–ત્રિલોચન વિષ્ણુપ્રસાદ વૈદ્ય,આરતીબેન મુકેશભાઈ પટ્ટણી–૬૫ વર્ષ–

<u>અમદાવાદ</u> : ઉલ્લાસિનીબેન રશ્મિકાંતભાઇ કચ્છી–૮૪ વર્ષ–,ગં.સ્વ.તરૂલતાબેન રમેશભાઈ અંતાણી,વસંતબેન સત્યેન્દ્રપ્રસાદ ઝાલા,પ્રણવ કૌશિકરાય વોરા.


<u>જૂનાગઢ</u>: યશોધરાબેન કિરીટભાઈ ઓઝા–ગાંધીનગર,જયશ્રીબેન નાગેશભાઇ અવાશિયા.

<u>વડોદરા</u> : બકુલાબેન નલીનભાઇ કિકાણી,દિવ્યાંગનાબેન સંજયભાઈ દેસાઈ,ગીરિશભાઈ રસિકલાલ બક્ષી,પ્રતિમા દીપકભાઇ રીડાણી,ગં.સ્વ.દર્શનાબેન રશ્મિકાન્તભાઈ દેસાઈ,સૌ.દિશા મૃદંગ મહેતા (રાજકોટ સ્થિત ભાલચંદ્રભાઈ વૈદ્યનાં પુત્રી)

<u>મુંબઈ</u> : ગં.સ્વ.જાહ્નવીબેન જયંતભાઈ ઓઝા––

<u>ન્યુજર્સી</u>–અમેરિકા : હરેશભાઈ ધોળકિયા–

<u>જામનગર :</u> વરિષ્ઠ નાટયકાર અને ધૂમકેતુ નાટય સંસ્થાના પ્રમુખ શ્રી પ્રકાશભાઇ વૈદ્યનું જામનગર ખાતે. અર્ચિતાબેન અનિલભાઈ વૈશ્નવ.



# હાસ્ય લેખ : મોહન થાળ v/s ચીકી

નારદ મુનિ નારાયણ નારાયણ કરતા પૃથ્વી લોક ની સત્તા વાર મુલાકાત માટે આવ્યા અંબા માતા ને ખબર પડી તેમણે નારદ મુનિ ને પોતાના દરબારમાં બોલાવી ને સમસ્યા કહી કે અહી પૃથ્વી લોક ઉપર પ્રસાદ ના મામલે ભોળી જનતા અને સરકાર આમને સામને આવી ગયા છે પ્રસાદ એટલે પ્રભુ નો સાદ તેમાં સરકારે વચ્ચે પડવાની શી જરૂર છે ? નારદ બોલ્યા જરા વિસ્તારથી કહો તો સમજ પડે *અંબાજી બોલ્યા મુનિવર, છેલ્લા કેટલાય વર્ષોથી પ્રસાદ તરીકે મોહનથાળ જ ભકતોમાં વેંચાય છે અને ભક્તો પણ હોંશે હોંશે મોહનથાળ ના ખોખે ખોખા ખરીદી ને લઈ જાય છે કોંગ્રેસ સરકાર ને જનતા જનાર્દન ના આરોગ્ય ની કઈ પડી જ નહોતી આં સરકારે આમ જનતા ની આરોગ્ય સેવા માટે આયુષ્ય માન કાર્ડ કાઢ્યું (જો કે તેમાં પણ વિતંબનાં તો છે જ ૧૦ લાખ રું ઓન પેપર થયા વાસ્તવિક નહિ ! આધાર કાર્ડ પણ બિન આધાર તથા આઘાત કાર્ડ જેવા થતાં જાય છે)

સરકાર ને આટલા વર્ષે જ્ઞાન થયું કે મોહન થાળ વહેલો બગડી જાય છે તેથી પ્રજાનું આયુષ્ય લંબાય કે ના લંબાય પણ પ્રસાદ લાંબી આયું મર્યાદા વાળો હોવો જોઈએ એટલે સરકાર શ્રી ને ચીકી યાદ આવી અને જનતા. ને પૂછ્યા વગર ,જનતા ને વિશ્વાસ માં લીધા વગર ફરમાન કર્યું કે હવેથી પ્રસાદ ચીકી જ રહેશે આની સામે વિરોધીઓ અદાલત માં જવા બાયો ચઢાવી રહ્યા છે મુનિવર! અચાનક મોહન થાળ માથી ચીકી નો પ્રસાદ સરકારશ્રી ને કેમ યાદ આવ્યો? મહેસુબ,પેંડા,બરફી ,ઘારી ,જલેબી કેમ નહિ? નારદ મુનિ હવે બગડ્યા માતાજી, વચ્ચે હેલ્મેટ ફરજિયાત કરવામાં વાત આવેલી કે કેન્દ્ર ના કોઈ વરિષ્ઠ નેતા ના જમાઈ ની હેલ્મેટ ની પુના માં મોટી ફેકટરી છે તેને લાભ અપાવવા માટે આં કારસો ઘડાયો હતો . તેવું જ આમા ક્યાંય કમિશન હશે જ અંગ્રેજો ગયા પણ કમિશન, કન્સેસન, કોમ્પસેસન, ,રીબેટ, ડ્રો,સરપ્રાઇઝ,ગિફ્ટ હેમ્પર જેવા અઘરા શબ્દો ફટકારતાં ગયા માતાજી, મને આં ચીકી માં પાછળ ભ્રષ્ટાચાર ચી ક્ત્યો હોય તેવુ લાગે છે. માતાજી*મુનિવર,તમે ત્રિદેવો અને ઇન્દ્ર રાજા ,ગણેશજી, હનુમાનજી,શ્રી કૃષ્ણ ને જગાડો , નગારા વગાડો, દુંદુભિ વગાડો ,ઢોલ ત્રાંસા વગાડો અને આં પ્રશ્ન નું સુખદ સમાધાન કરો

સાચું કહું, મુનિવર ! મને પણ મોહન થાળ બહુ જ ભાવે છે કઈક કરો શુભમ ભવતુ !!!!

નારદજી એ સ્વર્ગ માં ઇન્દ્ર ભગવાન ની અધ્યક્ષતા માં દરબાર ભરી ને આં પ્રસ્તાવ મૂક્યો *

બધાય દેવો એ ઇન્દ્ર ભગવાન સાથે ગોળમેજી પરિષદની જેમ ભારે મસલત કરી બધાય દેવો દેવીઓ મોહનથાળની તરફેણમાં હતા અંતે ઓર્ડર ઓર્ડર ઓર્ડર ત્રણ વાર બોલી ને ઇન્દ્ર ભગવાને પોતાનો આખરી ફેંસલો જરૂરી દલીલો સાથે સંભળાવ્યો... મારા વહાલા દેવ અને દેવીઓ, આપ બધા સાથે ચર્ચા વિમર્શ કર્યા પછી હું ,ઇન્દ્ર ,જરૂરી દલીલો સાથે પ્રસાદ માં મોહનથાળ ને અગ્રીમતા આપવા માટે સરકાર શ્રી ને નમ્ર નિવેદન કરૂં છું...

(૧) છેલ્લા કેટલાય વર્ષો થી મોહનથાળ જ પ્રસાદ રૂપે ચલનમાં હતો

ચીકી છેલ્લા ૩૦/૪૦ વર્ષોથી અસ્તિત્વમાં આવી છે (૨)વડોદરામાં ચોખંડી વિસ્તારમાં આવેલ અંબાલાલ નો કેસર પિસ્તા બદામ,ચારોળી શુદ્ધ ઘી નો મોહનથાળ ભલે મોંઘો પણ જીભ ઉપર મૂકતા જ ઓગળી જાય છે ચીકી એમ તરત ઓગળતી નથી (૩) મોહન થાળ મીઠાઈ, મિષ્ટાન્ન સ્વાદિષ્ટ ગણાય છે ચીકી એ નાસ્તાની આઈટમ છે મીઠાઈ નથી (૪) ધનિકો લગ્નસરામાં મોહનથાળ પૂરી નું જમણ આપે છે ચીકી ક્યાંય સાંભળ્યું નથી (૫) બાળકો સ્કુલ ના નાસ્તામાં ચીકી લઈ જાય (૬) પ્રસંગ પૂરો થયા પછી જેનો ચાંદલો આવ્યો હોય પણ પોતે ના આવ્યા હોય ત્યાં મોહનથાળ નું બોક્સ આપવામાં આવે છ (૭) પોલીસ અધિકારીઓ વેપારીઓ આવક વેરા ખાતા ના અધિકારીઓ વગેરે ને દિવાળી માં રાજી રાખવા મોહનથાળ ના બોક્ષ આપે છે

(૮) ફેકટરી માલિકો પોતાના સ્ટાફ ને દિવાળી માં મોહન થાળ ના બોક્ષ આપે છે ચીકી ના નહિ (૮) મોહન થાળ શબ્દ નો ગુઢાર્થ કેવો સરસ છે? મહાત્મા ગાંધી નું નામ મોહન,કૃષ્ણનું નામ મોહન, મનમોહન સિંહ,મોહન લાલ નો.હલવો, બધુંય આં મોહનથાળ માં સમાઈ જાય

(૯) માતાજી ને થાળ ધરાવાય તેવું બોલાય છે ચીકી નહિ ચીકી ચોકલેટ જેવું માધ્યમ છે તથા નીચા કે માધ્યમ વર્ગ નું ખાણું કહેવાય જ્યારે મોહન થાળ એ ભારે ભોજનમાં ગણાય તેના શબ્દમાં જ થાળ આવે છે

(૧૦) ચીકી સિંગ દાણા,કોપરા કે તલ ની હોય તે દાંતમાં ભરાઈ જાય , દાંત બગડે તે જુદા, પ્રોટીન પણ વધી જાય ,યુરિક એસિડ વધી જાય *

(૧૧) આમ છત્તા ય જો સરકારશ્રી જનતાની ઉપર વટ જઇ ને ચીકી ફરજિયાત કરશે તો ભક્તજનો દારૂ ની જેમ છાનો છાનો મોહન થાળ વહેંચશે માટે સરકારશ્રી તથા તેના સરકારી પૂજારીઓ ને વિનંતી છે કે પહેલાની જેમ જ ચીકી ને ચેકી મોહનથાળ ને યથાવત પ્રસાદ નું સ્થાન માન ભેર સત્તાવાર રીતે આપે તેવી જનતા ની ઉગ્ર માંગણી છે જો સરકારશ્રી આવું પ્રજાકીય પગલું ભરશે તો આમ જનતા મોહનથાળ ના ખાલી પડેલા થાળ મતો થી ભરી ને નેતાઓ ને જંગી બહુમતી થી ચુંટશે... અંતે કહેવાનું કે મોહન થાળ સાત્વિક ,પવિત્ર ,પ્રસિદ્ધ વ્યંજન છે,ચીકી નહિ.

દેવ દેવીઓ એ તાળીઓ પાડી ને ઇન્દ્ર દેવ ને વધાવી લીધા અને માતાજી એ મુનિ વર સાથે કુરિયર ની જેમ મોકલેલા મોહન થાળ ના ચકતાઓ બધાય દેવો હસતા હસતા ચાટી ગયા ગણપતિ એ ડાયા બીટીસ ના ડર વગર કેટલાય થાળ ઝાપટી ગયા ઇન્દ્ર ભગવાને બધાય દેવો ને સૂત્ર ત્રણ વાર

બોલાવ્યું...*જેને જોઈ ને જીભમાં છૂટે લાળ,તે જ છે સાચો મોહન થાળ ,ભલે સરકાર ફેલાવે ભેદી જાળ, સરકાર ની નહિ ગળે કોઈ દાળ, પાણી પહેલા બાંધો પાળ, ચીકી સાંભળી ને પડી ફાળ, યુવાનો,પ્રૌઢ , વૃદ્ધો ને બાળ, સૌનો વહાલો છે મોહન થાળ, જનતા કાઢે હૈયા વરાળ, કોઈ નો વાંકો નહિ થાય વાળ, ઝટપટ ચાટો મોહન થાળ, ઘીથી લથ પથ મીઠો મોહન થાળ.*

બ્રેકિંગ ન્યુઝ : દેવો દેવીઓ નારદ મુનિ એ લાવેલા મોહન થાળ ની ઝું ટા ઝુંટ ,લૂંટ ફાટ કરવા માંડ્યા કે છેલ્લો મોહનથાળ ખાઈ લો કારણ આ સરકારનો ભરોસો નહિ. કેટલાક દેવો એ તો છાના છાના ખોખાઓ ઘર ભેગા કરી દીધા અને મુનિવર ને પોતાના આધાર કાર્ડ ની કોપી આપી બીજા મોહન થાળના ઑર્ડર આપ્યા. -- ડૉ રાજેન્દ્ર કે હાથી, વડોદરા. Mo. 98244 89517

## સમાચાર સંચય

• <u>રાજકોટ</u> : અત્રેના સી.એ. કવન ગિરીશરામ ઓઝાએ *ICICI* Bank માં બે વર્ષના ટૂંકા ગાળામાં ક્રેડીટ મેનેજર–૧ તરીકે પ્રમોશન મેળવ્યું.

• શ્રી ભાવેશભાઈ દેવેન્દ્રભાઈ નાણાવટીએ રોટરી કલબ તથા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલના ઉપક્રમે યોજાયેલ ૨૦ કિ.મી.ની સાયકલોફન નિર્ધારિત સમયમાં પૂર્ણ કરી મેડલ મેળવ્યો.

• શ્રી વિસ્મય કિરીટરામ ઓઝાએ રોલેક્ષ રિંગ્સના ઉપક્રમે યોજાયેલ ૨૧ કિ.મી.ની હાફ મેરેથોન નિર્ધારિત સમયમાં પૂર્ણ કરી મેડલ મેળવ્યો.

• અત્રેના વિમર્શ ગૌરાંગ ધોળકિયાએ તાજેતરમાં અમરેલી ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાના કલા મહાકુંભમાં તબલાવાદન પ્રતિયોગિતામાં સમગ્ર ગુજરાતમાં બીજું સ્થાન પ્રાપ્ત ફરી એકવાર તબલાવાદન પરનું તેમનું પ્રભુત્વ પૂરવાર કર્યુ.નોંધપાત્ર છે કે તાજેતરમાં જ વિમર્શ ૧૪થી ૨૦ વર્ષના ગ્રુપમાં પ્રાદેશિક કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી, રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યા હતા. ચિ.વિમર્શ રાજકોટના જાણીતા તબલાવાદક યશ પંડયા તથા હાર્દિક કાનાણી પાસે શાસ્ત્રીય તબલાવાદનની તાલીમ લઈ રહયા છે.

• <u>અંકલેશ્વર</u> : અત્રે રહેતા અને મ્યુચ્યલ ફંડ વગેરે નિવેશનો સ્વતંત્ર વ્યવસાય કરતા શ્રી મનન પ્રિયવદન માંકડ આદિત્ય બિરલા કેપિટલની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ તા.૧૪/૪થી ૨૨/૪ સુધી કંપની તરફથી સ્વિટ્ઝરલેન્ડની ટૂર કરી આવ્યા.આ પ્રવાસ દરમ્યાન તેમણે ઝૂરિચ,લ્યુસર્ન ઇન્ટલેંકન,બર્ન જેવાં શહેરોની મુલાકાત લીધી હતી.આ પહેલાં પણ તેઓ જુદી જુદી કંપનીઓ તરફથી શ્રેષ્ઠ કામગીરી બદલ થાઈલેન્ડ,સિંગાપોર,મલેશિયા,દુબઈ જેવા ઘણા સ્થળોના પ્રવાસે જઈ આવ્યા છે.

• <u>અમદાવાદ</u> : પારૂલબેન–દિવ્યેશભાઈ અવાશિયાએ અત્રેના કોઈપણ જ્ઞાતિજનના નિધન બાદ તેમના પરિજનોને સંતાપના સમયમાં સહાયભુત થવાના નિઃસ્વાર્થ ઉદ્દેશથી પરિવારની જરૂરિયાત મુજબ કોઈપણ એક ટંક થેપલાં, શાક,સંભારો પહોંચાડવાની, યથાયોગ્ય અનુદાન સાથે ટિફિન સેવા શરૂ કરી છે. વધુ વીગત માટે તેમનો ૯૬૩૮૬૮૨૩૨૯/ ૮૧૫૪૮૦૯૪૭૪ ઉપર સંપર્ક કરશો.

# પ્રિયદર્શિનીનો આગામી અંક "મારી પ્રિય કૃતિ વિશેષાંક"

પ્રિયદર્શિની સાત વર્ષ ની સાહિત્ય યાત્રા તેના મૂળ ઉદેશ્ય પ્રમાણે સુંદર રીતે આગળ વધી. અનેકવિધ વિશેષાંકો સાથે ગુજરાતી સાહિત્યનો સમૃદ્ધ ખજાનો મળ્યો સાથે સર્જકોની સર્જનાત્મકતા પણ ખીલી ઉઠી. તમારી આ સર્જનાત્મકતાના પ્રેરણાસ્રોત કોઈ ને કોઈ મહાન સાહિત્યકાર હશે. કોઈ કલમ તમારી જરૂર પ્રિય રહી હશે. આપણે થોડા વર્ષો પહેલા પ્રિય કૃતિ વિશેષાંક પ્રસિદ્ધ કરેલો જેમાં તમને પ્રિય એવી કૃતિ કે સર્જન વિષે અમને જણાવ્યું હતું.

તો ફરી એકવાર એ જ રીતે આગામી અંક 'મારી પ્રિય કૃતિ' વિશેષાંક રૂપે પ્રસિદ્ધ કરવાનું નક્કી કર્યું છે કૃતિઓ અનેક સર્જાય અને માત્ર કોઈ એક જ કૃતિ તમને ગમતી હોય તેવું ઓછું છે? અને એ પણ માતૃભાષામાં હોય એવું જરૂરી નથી. એક થી વધારે કૃતિઓ પણ પ્રિય હોય એવું પણ બને.

તો ચાલો, ફરી એકવાર તમારી પ્રિય કૃતિ, સર્જન, લેખક-લેખિકા કવિ -કવિયત્રી સાથે અમને પરિચય કરાવો અને તમારા ગમતા સર્જક ની કોઈ ગમતી કૃતિ , પુસ્તક, નવલિકા, નિબંધ વાર્તાસંગ્રહ, કાવ્યસંગ્રહ કે કાવ્ય વિષે લખી મોકલો. તમે નવું શું વાંચ્યું? માણ્યું ? અમને પણ તેનો પરિચય કરાવો

હા અને નિયમો તો એ જ હો !

- આપની કૃતિઓ ફુલસ્કેપ કાગળમાં એક બાજુએ સુવાચ્ય અક્ષરે લખી/ટાઈપ કરી પોસ્ટ અથવા કુરિયર દ્વારા મોકલી શકશો.
- email અથવા whatsapp ના માધ્યમથી કૃતિ મોકલનાર સર્જકે પોતાની કૃતિ ટાઇપ કરીને મોકલવાની રહેશે. હસ્તલિખિત કૃતિનો ફોટો પાડીને મોકલી શકાશે નહિ.
- કૃતિ મોકલવાની છેલ્લી તારીખ 25.05.2023 રહેશે.
- કૃતિની શબ્દમર્યાદા 300-500 શબ્દોની રહેશે.
- કૃતિની પસંદગી અને પ્રકાશન નો આખરી નિર્ણય સંપાદક સમિતિનો રહેશે.
- પોસ્ટ અથવા કુરિયર દ્વારા કૃતિ મોકલવાનું સરનામું: Mrs. V. M. POTA, A - 206, Anjani Complex, Pareira Hill Road, Nr.WEH Metro Stn, Opp. Gurunanak Petrol Pump, Andheri - Kurla Road, Andheri (East), Mumbai 400 099.
- Email થી કૃતિ મોકલવા માટે : Email id: priyadarshinipub@gmail.com
- whatsapp થી કૃતિ મોકલવા / વધુ વિગતો માટે

વિશાખા પોટા: +91 9820030733, મૈત્રેયી યાજ્ઞિક: +91 9987743250

ખેવના દેસાઈ: +91 9930628689, નિર્ઝરી મહેતા: +91 9377690910

॥ જય શ્રી રામ ॥

**માત્ર રાજકોટ માટે**

મિત્રો રાજકોટમાં રહેતા નિરાધાર વૃદ્ધો કે,

- સંતાનો ન હોય
- સંતાનો સાચવતા ન હોય
- આર્થિક સ્થિતિ સારી ન હોય અને નિરાધાર વૃદ્ધ હોય...

ખાસ નોંધ એ કે રાજકોટમાં રહેતા હોય અને એ પણ કિશાનપરા, મોટી ટાંકી ચોક, રેસકોર્સ, કાલાવડ રોડ, યુનિવર્સિટી રોડ, રૈયા રોડ, 150 ફીટ રિંગ રોડ વગેરે આસપાસ રહેતા હોય એમના માટે જ છે.

આ શ્રેણીમાં આવતા વૃદ્ધો માટે

**બંને ટાઈમ નિઃશુલ્ક ટિફિન સેવા**

ચાલુ છે તો કોઈના ધ્યાન પર જરૂરિયાત હોય એવું વૃદ્ધજન આવે તો

**99791 19123**

પર ફોન કરવો.

ટિફિનમાં બપોરે દાળ-ભાત, શાક, ૩ રોટલી અને છાશ તથા સાંજે ખીચડી-કઢી, ઢોકળા, દાળ ઢોકળી વગેરે આપીએ છીએ.

**ઓમ રાજેશભાઈ છાયા**

મો. 99791 19123

આ મેસેજ વધુમાં વધુ શેર કરી આ સેવાયજ્ઞમાં આપનો સહકાર આપો.



**યોગ પ્રાણ વિદ્યા**

હીલિંગ તથા મેડીટેશન પદ્ધતિ

**શું આપ આવી કોઈ બિમારીથી પીડાઓ છો?**

- સ્ટ્રેસ અને ડિપ્રેશન
- મેદસ્વિતા
- સાંધાના દુઃખાવા
- દમ અથવા અસ્થમા
- રોગપ્રતિકારક શક્તિની કમી
- કિડનીની તકલીફો
- પેટની તકલીફો
- હૃદયની તકલીફો
- ખભા અને કમરના દુઃખાવા
- ગર્ભાશયને લગતી બિમારીઓ
- વેરિકોઝ વેઇન
- ડર અને ફોબિયા
- ઊંઘ ના આવવી
- આધાશીશી / માઇગ્રેન
- એલર્જી અને ઈન્ફેક્શન
- રીલેશનશીપની તકલીફો

બધા જ રોગોના નામ લખવા અત્રે શક્ય નથી, પરંતુ આવા ઘણા પ્રકારના શારીરિક તથા માનસિક રોગો માટે યોગ પ્રાણ વિદ્યા (YPV) અસરકારક નિવડેલ છે.

યોગ પ્રાણ વિદ્યા એ સ્પર્શ વગર અને દવા વગર સમગ્રપણે અપાતી સંકલિત પ્રણાલી છે, જેમાં પ્રાણ શક્તિનો ઉપયોગ કરીને બધા જ પ્રકારના શારીરિક તથા મનોદૈહિક રોગોનો ઉપચાર કરી શકાય છે. આ પ્રણાલી આયુર્વેદ, હોમિયોપથી અને એલોપથી જેવી બીજી પ્રણાલીઓની અવેજીમાં નથી. તે આ બધી પદ્ધતિઓને પૂરક રહીને કામ કરે છે જેથી શરીરની પોતાની જાતને સાજા કરવાની કુદરતી ક્ષમતામાં નોંધપાત્ર વધારો થાય છે.

હીલિંગ શીખવા કે કરાવવા માટે સંપર્ક કરો:

ધવલ ધોળકિયા +૯૧-૯૯૦૪૪૦૪૬૪૫

૨૦+ વર્ષના અનુભવી

મીના ધોળકિયા +૯૧-૯૯૨૫૪૬૦૦૪૬

www.ypvmeraki.com ypvmeraki@gmail.com

+91-9484668989 ypvmeraki YPV Meraki





Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi
BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot
**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**
OR you can pay by using this QR code→

Scan this QR or send money to 9428700105 from any app. Money will reach in Dholakia Viren Shantibhai's bank account.

નોંધ : નીચે એડ્રેસ સ્લીપમાં આપેલો ગ્રાહક નંબર કાયમી એક જ રહે છે તેથી નોંધી લેશો ને લવાજમ ભરો ત્યારે આ નં. લખશો તો અમને સરળતા રહેશે. સ્લીપમાં સાથે જ આપનું લવાજમ પૂરું થવાના માસ/વર્ષ (દા.ત. (12/2023) બતાવે છે. જેની નોંધ પણ રાખશો. આપનું લવાજમ મળતાં તે રીન્યુ કરતાં આપને પહોંચ તરીકે ઓટો જનરેટેડ SMS મળે છે. ગ્રાહકોના લીસ્ટનું દર મહીને પ્રિન્ટઆઉટ કાઢવામાં આવે છે. છતાં અંક ન મળે તો અમને જાણ ને પોસ્ટમાં ફરિયાદ કરશો.—તંત્રી

BOOK POST


તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઇન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.